જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૭/૨૦૨૦ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૬૧/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૨૦૦ | ૯૪ | ૧૦૨૯૪ | ૧૬૨૫૪ | ૯૪ | ૧૬૩૪૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૨૬ | 3 | ૪૩૨૯ | ૫૮૪૨ | 3 | ૫૮૪૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૬૨૪ | ૬૩ | ૧૩૬૮૭ | ૧૪૧૩૬ | ૫૭ | ૧૪૧૯૩ |
| કુલ | | ૨૮૧૯૩ | ૧૬૦ | ૨૮૩૫૩ | ૩૬૪૩૫ | ૧૫૪ | ૩૬૫૮૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૦ | ૯,૫૨,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૫૯ | ૭,૫૧,૮૦૦/- |

# નકલી ચલણી નોટ સાથે આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ**

## અમદાવાદ શહેર થલતેજ વિસ્તારમાંથી બે ઈસમોને ભારતીય બનાવટની ૨૦૦ તથા ૫૦૦ ના દરની નકલી ચલણી નોટો નંગ ૪૩૬ જેની કિ.રૂ. ૦૦/૦૦ ( ભારતીય ચલણ મુજબની કિ.રૂ. ૨,૦૯,૬૦૦/-) ના જથ્થા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ દેશના અર્થતંત્રને કેટલાક દેશવિરોધી માનસ ધરાવતા વ્યક્તિઓ/સંસ્થાઓ ભારતીય બનાવટની નકલી ચલણી નોટો મોટા પ્રમાણમાં આપી તે નોટોને વ્યવહારોમાં ફેલાવા માટે ઉપયોગ કરતા હોય છે. આવા સંજોગોને પહોચી વળવા સારૂ ખાસ પોલીસ કમિશ્નર શ્રી, અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પો.ઈન્સ.શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની સુચના અને માર્ગદર્શન આધારે પો.સ.ઇ શ્રી જે.ડી.બારોટ અને પો.સ.ઈ. શ્રી વી.એન.ભરવાડ સ્કોડના માણસોને મળેલ બાતમી હકીકત કે "એક કાળા તથા લાલ કલરની ડ્રીમ યુગા મો.સા. નં. GJ-08-AG-1471 ઉપર ડબલ સવારીમાં બે ઈસમો ભારતીય ચલણની જુદા જુદા દરની ઘણી બધી બનાવટી નોટો લઈ અમદાવાદ શહેરા વિસ્તારમાં વટાવવા સારૂ આવી રહેલ છે. અને તેઓ પોતાના કબ્જાની મોટર સાયકલ લઈ ભાઈકાકા નગર તરફથી આવી થલતેજ ગામ પાંણીની ટાંકી થઈ શીલજ તરફ જનાર છે." જે બાતમી હકીકત આધારે બન્ને ઈસમોને રોકી તેઓની અંગ ઝડતી તપાસ કરતા તેઓના કબ્જામાંથી કેટલીક ડુપ્લીકેટ ભારતીય ચલણની નોટો મળી આવેલ જે બાબતે બન્ને ઈસમોને પુછપરછ કરતા બન્ને ઈસમોએ આ નોટો પોતાના રહેણાંક મકાને કલર પ્રિન્ટર મારફતે છાપેલ હોવાનુ જણાવતા બન્ને ઈસમોને સાથે રાખી તેઓના રહેણાંક મકાને જઈ તપાસ કરતા અન્ય ઘણી ડુપ્લીકેટ ભારતીય બનાવટની નોટો તેમજ નોટો બનાવવાના સાધનો મળી આવેલ તે સિવાય ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૦૮ તથા બીયરની કાચની બોટલો નંગ ૧૦ મળી આવેલ જે સબંધે આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પકડાયેલ આરોપીઓના નામ


(૧) ઉદય S/O રમેશભાઈ ભગવાનભાઈ પ્રજાપતી રહે. મ.નં. એ-૬, અંજય એપાર્ટમેન્ટ, ભાઈકાકા નગર, થલતેજ અમદાવાદ શહેર મુળ વતન ગામ વારાહી તા.સાંતલપુર જી. પાટણ

(૨) મીત S/O મહેશભાઈ ભગવાનભાઈ પ્રજાપતી ઉ.વ.૨૨ રહે. એ-૬, અંજય એપાર્ટમેન્ટ, ભાઈકાકા નગર, થલતેજ અમદાવાદ શહેર મુળ વતન ગામ વારાહી તા.સાંતલપુર જી. પાટણ

## મળેલ મુદ્દામાલ :

(૧) રૂ.૨૦૦ તથા રૂ. ૫૦૦ ના દરની કુલ નોટો નંગ-૪૩૬ જેની ભારતીય ચલણ મુજબની કિ.રૂ. ૨,૦૯,૬૦૦/- જેની કિ.રુ. ૦૦/૦૦ (૨) મોબાઈલ નંગ ૨ કિ.રૂ. ૧૪,૦૦૦/- (૩) મો.સા. કિ.રૂ. ૨૦,૦૦૦/- (૪) કલર પ્રિન્ટર કિ.રૂ. ૭,૦૦૦/- (૫) ભારતીય ચલણના ૫૦૦ તથા ૨૦૦૦ ના દરની છપાયેલ A4 સાઈઝના કાગળો કટર તથા કાતર તથા ફુટપટ્ટી તથા કાપડની સફેદ કલરની થેલી કિ.રૂ. ૦૦/૦૦ મળી કુલ કિ.રૂ. ૪૧,૦૦૦/- ગણાય

(૨) સદરી બન્ને ઈસમોના રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલો કુલ નં.૮ તથા બીયરની કાચની બોટલ નંગ ૧૦ તથા રેકજીનના થેલા નંગ ૨ કિ.રૂ. ૦૦/૦૦ મળી કુલ કિ.રૂ. ૧૦૩૩૫/-







# પેરોલ જમ્પ આરોપીની અટકાયતની વિગત

## ગોમતીપુર પોલીસ સ્ટેશન :-

## મર્ડરના ગુનામા આજીવન કેદની સજા કાપી રહેલ અને છેલ્લા એક વર્ષથી પેરોલ ફર્લો જંમ્પ થયેલ પાકા કામના કેદી નં.S-15573 તથા બાપુનગર પો.સ્ટે.આર્મ્સ એકટના ગુનામા છેલ્લા આઠ માસથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં નાસતા-ફરતા/વોન્ટેડ/પેરોલ જંમ્પ કરેલ આરોપીઓને પકડવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.આઇ.રઇશ તથા પોકો ભરતસિંહ મનુભાઇ બ.નં.૯૯૭૬ તથા લો.ર સૈફલખાન રસીદખાન બ.નં.૧૧૭૦૯ તથા લો.ર ભાગ્યદીપસિંહ વિક્રમસિંહ બ.નં.૧૪૪૧ તથા લો.ર હર્ષદભાઇ નગીનભાઇ બ.નં.૧૨૬૪૯ તથા લો.ર નિતેશભાઇ ભગવાનભાઇ બ.નં.૧૦૪૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્કોડના લો.ર સૈફલખાન રસીદખાન તથા લો.ર હર્ષદભાઇ નગીનભાઇ નાઓને બાતમી હકીકત મળેલ કે, ""એક ઇસમ નામે સલમાન ઉર્ફે ક્રેક શકુદ્દીન શેખ રહે.લોખંડની ચાલી નુર મહેલ હોટલ પાસે રખીયાલ અમદાવાદ શહેર નાનો જે પાકા કામનો કેદી છે અને મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા થયેલ હોય અને તે છેલ્લા એક વર્ષથી પેરોલ જંમ્પ છે. તેમજ તે ઇસમ છેલ્લા સાતેક મહીનાથી બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એકટના ગુનામાં વોન્ટેડ છે તે ઇસમ હાલમાં ગોમતીપુર ચારતોડા કબ્રસ્તાનની સામે ડી-૨૪ દવાખાનાની બાજુમાં પુજારીની ચાલી ગેટ નં.૩ ના નાકા પાસે આછા ગુલાબી કલરનુ ટી-શર્ટ તથા કાળા કલરની નાઇટી પહેરી ઉભો છે." જે બાતમી હકીકત આધારે સદરી ઇસમ સલમાનુદ્દીન ઉર્ફે ક્રેક સફીયુદ્દીન શેખ ઉ.વ.૨૭ રહે.લોખંડવાળી ચાલી નુર મહેલ હોટલની બાજુમાં રખીયાલ અમદાવાદ શહેર નાનો મળી આવેલ અને સદરી ઇસમ બાપુનગર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૪૬/૨૦૧૯ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ) તથા જી.પી.એકટ કલમ ૧૧૪ મુજબના ગુનાના કામે છેલ્લા આઠ માસથી નાસતો-ફરતો હોય તેમજ રખીયાલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૦/૨૦૧૨ ઇપીકો

કલમ ૩૦૨ વિગેરે મુજબના ગુનાના કામે આજીવન સજા થયેલ છે અને છેલ્લા એક વર્ષથી પેરોલ જંમ્પ થયેલ છે. જેનો પાકા કામના કેદી નં.S-15573 નો છે. જેને તા.૩૦/૦૭/૨૦૧૯ ના રોજ હાજર થવાનુ હતુ પરંતુ હાજર થયેલ નહિ અને પેરોલ ફર્લો જંમ્પ કરેલ છે. જે બાબતે કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી સારૂ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.તા.૨૮/૦૭/૨૦૨૦




# ચોરીના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## દુધ-છાસ ચોરીના આરોપીઓને ગણતરીના કલાકમા પકડી પાડતી

મે.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સા શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ ના એ.એસ.આઇ મહેંન્દ્રભાઇ સોનાભાઇ બ.ન ૭૭૩૭ તથા અ.હે.કો કલ્યાણસિંહ શિવસિહ બ.ન ૯૧૩૮ તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.ન ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ તથા અ.લો.ર સુંડાભાઇ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ તથા લાખાભાઇ દેહાભાઇ બ.ન ૪૮૧ એ રીતેના અમો તમામ પોલીસ સ્ટાફના માણસો સાથે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.ન ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ નાઓ બન્નેને સયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે આરોપીઓ નં (૦૧) હરેશકુમાર મીઠુભાઇ જાતે (ભીલ) મકવાણા ઉ.વ ૫૫ રહે મકાન નંબર ૫૩ રમેશ કોલોની ભીલવાસ સરદારનગર અમદાવાદ શહેર તથા ન (૦૨) રાકેશભાઇ ઉર્ફે રાકલો મોતીભાઇ જાતે રાઠોડ ઉ.વ ૪૬ રહે વણકરવાસ માટલાવાળાની પાસે એરપોર્ટરોડ અમદાવાદ શહેર તથા નં (૦૩) કુંજલ ઉર્ફે કુણાલ વસંતરાય જાતે ભટ્ટ ઉવ ૪૧ રહે શાહીબાગ સોસાયટી મોહનસિનેમાની સામે શાહીબાગ અમદાવાદ શહેર તથા મુળ વતન ભટ્ટ શેરી હળવદ દરવાજા ધ્રાગંધ્રા તા ધ્રાગંધ્રા જી સુરેંન્દ્રનગર નાઓ તમામ આરોપીઓને આ ગુનાના કામે આજરોજ તારીખ ૨૮/૦૭/૨૦૨૦ ના કલાક ૧૮/૦૦ વાગ્યે પકડી અટક કરી મુદ્દામાલ ગુનમા વાપરેલ એક ઓટો રિક્ષા નબર જી.જે ૦૧ ડી.વાય ૩૯૫૯ કિમત રૂપિયા ૫૦૦૦૦/- ની મત્તાનો મુદામાલ તપાસ અર્થે કબજે કરી રાણીપ પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં ૦૬૧૫/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમા ચાલુ છે



# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-

## પ્રોહિ. ડ્રાઈવ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતનોવિદેશી દારૂના ગણનાપાત્ર જથ્થા સાથે આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે. પોલીસ મહાનિર્દેશકશ્રી ગુજરાત રાજયનાઓ તરફથી રાખવામા આવેલ પ્રોહિ જુગારની ડ્રાઈવ સબંધે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન નાઓની સુચના તેમજ સિનીયર પોલીસ ઈન્સપેકટર ડી.જે. ચુડાસમા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સપેકટર આર.આર. દેસાઇ સાહેબ મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ.તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તાર દારૂ-જુગારની પ્રવુતિને નેસ્ત-નાબુદ કરવા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના અનાર્મ હેડ કોન્સ. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં. ૮૩૩૮ તથા અનાર્મ પો.કો ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૮૫૨૮ નાઓની સયુક્ત બાતમી હકિકત આધારે નીચે જણાવેલ આરોપીને મેઘાણીનગર ડમરૂ સર્કલ પાસે જાહેરમા પોતાના કબ્જાની મારૃતિ સુઝુકી કંપનીની જેન કાર નંબર GJ-09-B-4231 મા ચોર ખાનુ બનાવી ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની ગેરકાદેસર અને વગર પાસ પરમીટની નાની મોટી બોટલો નંગ-૯૫ કિ.રૂા.૨૬,૯૦૫/-નો રાખી હેરાફેરી કરતો પકડાઈ ગયેલ હોય જેથી આજરોજ તા:-૨૮/૦૭/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરી સદરીના વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧033૨૦૧૭૨૯/૨૦૨૦ ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી તેમજ પ્રસંશનિય કામગીરી કરેલ છે.

## આરોપીઓનું નામ સરનામુ

કમલેશભાઇ ઉર્ફે વિનોદ ઇશ્વરભાઇ જાતે પ્રજાપતી ઉવ-૪૪ રહેવાસી- મ.નં. ૨૮૬ અંબિકાનગર વિ-૧ નેતાજીનગરની બાજુમા ડમરૂ સર્કલ મેઘાણીનગર અમદાવાદ શહેર

## મળી આવેલ મુદામાલ:-


(૧) ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ-૯૫ કિ.રૂા.૨૬,૯૦૫/-
(૨) એક મારૂતી સુઝુકી કંપનીની જેન કાર નંબર GJ-09-B-4231 જેની કિ.રૂા ૭૫૦૦૦/-
(૩) એક સેમસંગ કંપનીનો કી-પેડ વાળો મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/- કુલ્લે કિ.રૂ.૧,૦૨,૪૦૫/- ની મત્તાનો

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧)પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ (૨) પ્રો.એ.એસ.આઇ દીગ્વીજયસિંહ ભરતસિંહ (૩) અનાર્મ હેડ કોન્સ. સિરાજઅહેમદ લીયાકતઅલી (૪) અનાર્મ પો.કો. ભરતસિંહ ભુપતસિંહ (૫) અનાર્મ પો.કો દિનેશભાઇ જેઠાભાઇ બ.નં-૧૧૭૯૬ (૬) અનાર્મ પો.કો મનોજસિહ મુકુંદસિહ (૭) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ (૮) અનાર્મ લોકરક્ષક ભદ્રેશસિંહ બાબુભાઇ તથા બીજા સર્વેલન્સ સ્કોડના માણસો





**સોલા હાઇ કોર્ટ પોલીસ સ્ટેશન :-**

## ભારતીય બનાવટની તેમજ વિદેશી બનાવટની અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂ પકડી પાડતી સોલા હા.કોર્ટ પોલીસ

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગાર જેવી અસામાજીક પ્રવૃતીને સંદતર નેસ્ત નાબુદ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે ગોતા વિર સાવરકર હાઇટસના ગેટ પાસેથી તેમજ વિર સાવરકર હાઇટસના મકાન નં-એસ/૬૦૩ માંથી ભારતીય બનાવટનો તેમજ વિદેશી બનાવટનો ઇંગ્લીશ દારૂ ઝડપી પાડવામાં આવેલ છે.

### આરોપી:

કમલેશ બેચરભાઇ પટેલ ઉ.વ.૪૧ રહે.બી/૧૦૪, અવધ ડ્રીમલેન્ડ, દેવસૃષ્ટીની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ

### મુદ્દામાલ:

ભારતીય બનાવટની તેમજ વિદેશી બનાવટની અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની કુલ બોટલ નંગ-૧૨૦ કિ.રૂ.૪,૪૫,૭૦૦/-, મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૨૦૦૦/-, જ્યુપીટર કિ.રૂ.૩૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૪,૮૩,૨૦૦/- ના મત્તાનો.

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા હે.કો ઇન્દ્રજીતસિંહ નવલસિંહ બ.નં.૯૦૦૪ તથા પો.કો હેમરાજસિંહ માનસિંહ બ.નં-૪૨૭૯ તથા પો.કો અજીતસંગ નારણસંગ બ.નં.૭૪૧૫ તથા સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.



## સરદારનગર પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટના વિદેશી દારૂના બીયર તથા ક્વોટર્સ મળી કુલ બોટલ નંગ-૧,૯૬૨/- તથા બે લોડીગ  ટેમ્પા સાથે કુલ્લે કિ.રૂ.૩,૯૫,૨૫૦/- ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓ સાથે સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી.ઢોડીયા તથા પો.સ.ઇ એમ.સી.જાડેજા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ નાઓને ચોક્કસ ખાનગી બાતમી મળેલ કે " કુબેરનગર મોટવાણી બંગ્લાની સામે શોભનાની ચાલીમાં છારાનગર રોડ ખાતે રહેતી શોભના ચંદ્રકાન્ત ગુમાને તથા તેનો પુત્ર લોકેશ ચંદ્રકાન્ત ગુમાને તથા નૈનેશ ઉર્ફે હીતુ મીણેકર નાઓ સાથે મળી કુબેરનગર પો.સ્ટ ઓફીસની બાજુમાં બંગ્લાએરીયા ખાતે આવેલ પોતાના કબજાના મકાનમાં તેમજ મકાન પાસે પડેલ વાહનોમાં કેટલોક ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી છુપાવી રાખેલ છે અને સગે વગે કરી રહેલ છે " જે બાતમી હકીકત આધારે કુબેરનગર બંગ્લાએરીયા કુબેરનગર પો.સ્ટ ઓફીસ ની બાજુમાં આવેલ મકાનમાંથી તથા મકાન પાસે આવેલ બે લોડીંગ ટેમ્પા માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોતાના આર્થીક ફાયદા સારૂ ગેરકાયદેસર રીતે પોતાના કબજાના મકાન તથા બે લોડીગ ટેમ્પા માં રાખી રેડ દરમ્યાન નહી મળી આવેલ હોય સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૨),૮૧,૯૮(૨) મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.તારીખ-૨૮/૭/૨૦૨૦

### આરોપીઓના નામ;-

(૧) શોભના ચંદ્રકાન્ત ગુમાને તથા તેનો પુત્ર (૨) લોકેશ ચંદ્રકાન્ત ગુમાને રહે. કુબેરનગર પો.સ્ટ ઓફીસની બાજુમાં બંગ્લાએરીયા કુબેરનગર અમદાવાદ શહેર તથા (૩) નૈનેશ ઉર્ફે હીતુ મીણેકર રહે. પો.સ્ટ ઓફીસની બાજુમાં બંગ્લાએરીયા કુબેરનગર અમદાવાદ શહેર.

મુદ્દામાલ;-

(૧) ભારતીય બનાવટનો વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ તથા બીયરના ટીન મળી કુલ્લે નંગ- ૧૯૬૨/- કિ.રૂ. ૨,૪૫,૨૫૦/-

(૨) લોડીગ ટેમ્પો જેનો રજીસ્ટ્રેશન નં- GJ-27-W-2926 જેની કિ.રૂ. 75,000/- તથા

(૩) બિજો લોડીગ ટેમ્પો જેનો રજીસ્ટ્રેશન નં- GJ-1-BU- 4245 જેની કિ.રૂ. 75,000/- કુલ્લે કિ.રૂ. ૩,૯૫,૨૫૦/-

## કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-

(૧) પોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ (૨)પોલીસ સબ ઇન્સ એમ.જી,ઢોડીયા (૩) પો.સ.ઇ એમ.સી.જાડેજા (૪) મ.સ.ઇ રઘુભાઇ વિઠલભાઇ બ.ન.૧૩૪૭૯ તથા હે.કો.ગૌતમભાઇ કચરાભાઇ બ.ન.૯૩૬૫ તથા હે.કો.કૃણાલકુમાર અશોકકુમાર બ.ન.૪૪૪૩ તથા હે.કો અનીલ બાલકૃષ્ણ બ.ન.૩૯૧૭ તથા હે.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા હે.કો રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ તથા હે.કો રમેશસિંહ કાળુસિંહ બ.ન.૯૪૨૧ તથા હે.કો અરવિંદસિંહ રાયસિંહ બ.ન.૮૩૮૧ તથા પો.કો કિરણકુમાર ચંદુભાઇ બ.ન.૫૭૭૦ તથા લોકરક્ષક અમરતભાઇ ઉમાજી બ.ન.૧૧૯૨૫ તથા લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ.ન.૧૨૮૬૩ વિગેરે.









# “શી” ટીમની કામગીરીની વિગત

## કાલુપુર પોલીસ સ્ટેશન :-

## કાલુપુર પો.સ્ટેની સી-ટીમ દ્વારા અસ્થિર મગજની છોકરીને પરત પોતાના પિતા સાથે મિલાપ કરાવતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડીવીઝન સા.નાઓ દ્વારા પો.સ્ટે વિસ્તારમા કાર્યરત કરવામા આવેલ સી-ટીમ દ્વારા પો.સ્ટે.વિસ્તારમા સ્ત્રી સબંધી ગુન્હાઓ તેમજ સ્ત્રીઓને લગતી ફરીયાદો અન્વયે સંવેદનશીલ રીતે કામગીરી કરવા અવાર નવાર સુચનાઓ આપવામા આવેલ જે અન્વયે કાલુપુર પો.સ્ટે.ની સી-ટીમ પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતી દરમ્યાન ફરતા-ફરતા પાચકુવા દરવાજા ખાતે આવતા એક છોકરી જેનો કોઇ વાલી-વારસ ના હોય એકલી આમ-તેમ ફરતી હોય જેથી પો.ઇન્સશ્રીને જાણ કરી પોલીસ સ્ટેશન લાવી પુછપરછ કરતા સદરી છોકરી કોઇ વ્યવસ્થીત જવાબ આપતી ના હોય અને ગોળ-ગોળ વાતો કરતી હોય જેથી તેને વિશ્વાસમા લઇ વ્યવસ્થીત પુછપરછ કરતા તેની પાસેથી એક મોબાઇલ નંબર મળી આવેલ જે નંબર ઉપર સંપર્ક કરતા પોતે તેના પિતાશ્રી હોવાનુ જણાવેલ અને તેની દિકરીનુ નામ નાઝીયા ખાતુન જણાવેલ જેની ઉમર પંદરે વર્ષની છે અને પોતે ભાયંદર ઇસ્ટ મુંબઇ ખાતે રહે છે અને પોતાની દિકરી મગજથી અસ્થીર હોય અને ઘરેથી ગઇ તા.-૧૮/૦૭/૨૦ના રોજ ક્યાક નીકળી ગયેલાનુ જણાવતા હોય જેથી તેમના પિતાશ્રીને જરૂરી ઓળખના પુરાવા સાથે કાલુપુર પોલીસ સ્ટેશન આવવા સમજ કરેલ અને સદરી મગજથી અસ્થીર છોકરીને સખી નારી ગૃહમા રાખવા તજવીજ કરેલ. અને આજરોજ આ છોકરીના પિતાશ્રી મ.સિરાજ જમેલભાઇ જાતે-રાઇન કાલુપુર પો.સ્ટે આવતા તેમની ઓળખની ખાત્રી કરી,પોતાની માનસીક બિમારીના કારણે પોતાના પરીવારથી વિખુટી પડી ગયેલ નાઝીયા ખાતુનનો તેમના પિતા સાથે મેળાપ કરાવી તેનો કબ્જો તેના પિતાને સોપી કાલુપુર સી-ટીમ તથા પો.ઇન્સશ્રી આર.જી.દેસાઇ નાઓ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામા આવેલ છે.તા.-૨૮/૦૭/૨૦૨૦.



# ગુમ થયેલ મોબાઈલ શોધી પરત કરવા બાબત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-

Dr Shantanu Chaudhary પ્રોફેસર હેડ ડેન્ટલ કોલેજ તેમનો iphone સિવિલમાંથી ગુમ થયેલ ગણતરીના કલાકો  zone-4  સાહેબશ્રીની મદદથી લોકેશનના આધારે મેળવી ડોક્ટરશ્રીને તેમનો ફોન પરત કરેલ



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## મિલ્કત સંબંધી આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ મિલ્કત સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૫૬૯/૨૦૨૦ તા.૨૮/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી વિશાલ સ/ઓ રાજેશભાઇ દંતાણી ઉ.વ.૨૦ ધંધો.નોકરી રહે.૧૦ રાજાવીર સોસાયટી રાયકા ચોક ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૨૮/૦૭/૨૦૨૦ ના ક.૨૨/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



## નારોલ પોલીસ સ્ટેશન :-

## ઇંગ્લીશ દારૂની હેરાફેરીમાં સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી સુરત જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી સર્વેશકુમાર ઉર્ફે રવિ ઓમપ્રકાશ ઠાકુર (ઠાકોર) ઉ.વ.૨૭ રહે, મ.નં. ૩૩ યાદવનગર હાટકેશ્વર AMTS બસ સ્ટેશનની પાછળ કર્મભુમી સોસાયટી સામે હાટકેશ્વર ખોખરા અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૯૯/૨૦૨૦ તા.૧૮/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજરોજ કલાક – ૧૩/૩૦ વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૨૮/૦૭/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે., પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.૨ મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



## અમરાઈવાડી પોલીસ સ્ટેશન :-

## પ્રોહિબીશનના ગુનામાં આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન તથા નાઓએ પાસા,તડીપાર,વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે સિનીયર પોલીસ ઇન્સપેકટર એન.એલ.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ એન.એમ.બારોટ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો ભાવેશભાઇ રામદાસ નાઓની બાતમી આધારે અત્રેના પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનાના કામે પાસા અટકાયતી રાહુલ દેવજીભાઇ રાઠોડ ઉ.વ.૨૧ રહે મ.નં.ક્યુ/૩૦૪ જોગમાયાનગર અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને ગુલાબનગર ચાર રસ્તા પાસેથી પકડી અત્રેના પો.સ્ટે લાવી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.પીસીબી/ડિટીએન/પાસા/૫૭૪/૨૦ તા.૨૮.૦૭.૨૦૨૦ ના હુકમની બજવણી કરી પાસા અટકાયતી તરીકે આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર-સુરત યોગ્ય પોલીસ જાપ્તા સાથે સરકારી વાહનમાં પાસા અટકાયતી તરીકે મોકલી આપવા તજવીજ કરેલ છે

## કામગીરી કરનાર કર્મચારી

(૧) હે.કો દોલાભાઇ વેલાભાઇ બ.નં.૯૮૫૫ (૨) એલ.આર શરદકુમાર અમથાભાઇ બ.નં.૧૩૫૮
(૩) એલ.આર હર્ષદભાઇ ભીખાભાઇ બ.નં.૧૪૨૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૫૯૮ લીટર દેશી દારૂ, ૧૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૫૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૭,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ભુલથી ઝેરી દવા પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૪/૨૦૨૦**

**ચાંદખેડાઃ** દશરથભાઇ વેરશીભાઇ રાવળ (ઉ.વ.૫૫) (રહે. ઝુંડાલ કાચા છાપરાંમાં ચાંદખેડા) એ તા.૨૮/૦૭/૨૦૨૦ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી પાણીની બોટલ સમજી બોટલમાં પડેલ ઝેરી દવા પી જતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**દિવાલ પડતા દબાઈ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૫/૨૦૨૦**

**કાગડાપીઠઃ** તા.૨૮/૦૭/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે બહેરામપુરા પોસ્ટ ઓફીસ પાસે સાંકળચંદ મુખીની ચાલી ખાતે રહેતા અરવિંદભાઇ પરમારના મકાનની દિવાલ તુટી પડતા અરવિંદભાઇ પરમારની તેર વર્ષની પુત્રી ઉર્વશી દટાઈ જતા ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૬૬/૨૦૨૦**

**બાપુનગરઃ** ભાવેશભાઇ હિંમતભાઇ રોકડ (ઉ.વ.૩૫) (રહે. આઇ બ્લોક પાંચમા માળે દેવસૃષ્ટી એપાર્ટમેન્ટ ઓમકાર સર્કલ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૦ બપોરના ૪/૩૦ થી સાજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન ઇંડીયા કોલોની સન ગોલ્ડ એપાર્ટમેન્ટ ખાતે રહેતા પોતાના પિતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી